**મેયર-કમિશનરની હાજરીમાં યોજાયેલા ઇન્ટરવ્યુમાં તાયફો કરી તબીબે રમૂજ દશ્યો સર્જ્યાં**

# તબીબોની નિમણૂંક માટે ઉમેદવારના વધુ માર્ક મૂકનાર સ્મીમેરના બે વિભાગીય વડાને શો-કોઝ નોટિસ

**ભોપાળું** બહાર આવતાં એક ડોક્ટર બેભાન થવાનું નાટક કરી પડી ગયો હતો

**મનપા** કમિશનરે પણ 24 કલાક આઇસીયુમાં રખાવી પાઠ ભણાવ્યો

સુરતઃ સુરત મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં વિવિધ વિભાગમાં આસિસ્ટન્ટ, એસોસિએટ પ્રોફેસરોની નિમણૂક માટે થોડા દિવસો પહેલાં મનપા કમિશનર અને મેયર સહિતની કમિટીએ ઈન્ટરવ્યુ લીધા હતા. જેમાં એક ઉમેદવારના વધુ માર્ક મૂકી દેનાર કમિટીના બે સભ્યોની મેયર-કમિશનરે રિમાન્ડ લીધા હતા. જે તે સમયે એક વિભાગીય વડાઓએ તો બેભાન થવાનું નાટક કરતાં તાયફો સર્જાયો હતો.

જો કે મનપા કમિશનરે પણ તેવે 24 કલાક આઈસીયુમાં રખાવી પાઠ ભણાવ્યો હતો. જો કે હવે આ બન્નેને શો કોઝ નોટીસ ફટકારી તપાસના આદેશ અપાયા હોય તપાસ બાદ શિક્ષાત્મક કાર્યવાહીની શકયતા જણાઈ રહી છે.

વિસ્તૃત વિગતો મુજબ મળતી વિગતો મુજબ સ્મીમેર હોસ્પિટલમાં પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર અને એસોસિએટ પ્રોફેસરની કુલ 46 જગ્યાઓ માટે આજે વોક ઈન ઈંટરવ્યુ યોજાયા હતા, જેમાં કુલ 150 ઉમેદવારો હાજર રહ્યાં હતા. ઈન્ટરવ્યુમાં ઉમેદવારને એકેડેમિક પાસુ તપાસીને તેના અનુભવ અને શૈક્ષણિક લાયકાતના 90 માર્ક પૈકી તેને મળેલા માર્ક પણ ધ્યાને લેવાતા હોય છે. આ માર્ક મૂકવા માટે સ્મીમેરના જુદા જુદા વિભાગીના ટીચિંગ સ્ટાફની કમિટીઓ બનાવાઈ હતી.

આ કમિટીએ એક ઉમેદવાર માસ્ટરમાં બીજી ટ્રાયલે પાસ થયો હોવાની ટીકમાર્ક કર્યા બાદ તેને 10ને બદલે 15 માર્ક મૂકી દીધા હતા. તેથી મેયર અને કમિશનરે આ મુદ્દે સ્મીમેરની કમિટીના ત્રણેય સભ્યોને રૂબરૂ બોલાવી ખુલાસો માંગ્યો હતો. જે પૈકી સ્મીમેરની પીએમસી વિભાગના વડા ડો.અજય પવાર તો સ્થળ પર જ બેભાન થઈ જતાં થોડી વાર માટે દોડધામ મચી જવા પામી હતી, જો કે થોડી વારમાં માત્ર તાયફો હોવાનુ અને ડો. પાવરે નાટક કર્યું હોવાની શંકા જતા મનપા કમિશનરે તેને પાઠ ભણાવવા માટે તુરંત સ્મીમેરમાં અડેમીટ કરાવ્યા હતા.

ત્યાર બાદ તેના તમામ રિપોર્ટ લેવાયા હતા, તે નોર્મલ આવતા ભોપાળું છતું થયું હોય મનપા કમિશનરે તેને 24 કલાક આઈસીયુમાં રાખી ઓબ્ઝર્વેશનમાં મૂકવા તાકીદ કરી હતી. એટલુ જ નહીં આ ડોકટર ત્યાંથી છટકી ના જાય તે માટે વારંવાર ફોન કરીને રિપોર્ટ મંગાવતા નાટક કરનાર ડોકરટરની હાલત કફોડી થઈ જવા પામી હતી.

# રાજકોટથી વધુ અભ્યાસ માટે સુરત આવી રહેલી કિશોરી પર ચાલુ બસમાં બળાત્કાર

**હોસ્ટેલમાં** કામ કરતા યુવકે દુષ્કર્મ આચરી આત્મહત્યાના કેસમાં ફસાવવાની ધમકી આપી

સુરતઃ રાજકોટની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી કિશોરી વધુ અભ્યાસ માટે સુરત આવી રહી હતી ત્યારે હોસ્ટેલમાં કામ કરતા યુવકે લકઝરી બસમાં તેની સાથે દુષ્કર્મ કર્યું હતું.

પોરબંદર જિલ્લામાં રહેતી કિશોરી રાજકોટમાં ક્રિસ્ટલ સ્કૂલના હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી હતી. આ દરમિયાન ક્રિસ્ટલ સ્કૂલમાં વિજય કરશનભાઈ બારડ (રહે., ગીર દેવડી ગામ, તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ) પણ હોસ્ટેલમાં કામ કરતો હતો. આ દરમિયાન વિજય કિશોરીને વિશ્વાસમાં લઈ તેની સાથે મિત્રતા કરી હતી. જોકે ત્યારબાદ કિશોરી વધુ અભ્યાસ માટે રાજકોટ હોસ્ટેલમાંથી સુરત આવી હતી. આ દરમિયાન પાછળથી વિજય પણ સુરત કિશોરીને મળવા માટે આવ્યો હતો. તા.7 એપ્રિલ, 2025ના રોજ કિશોરી વતન પરત જવા માટે એસટી બસમાં બેઠી હતી ત્યારે વિજય બારડે પણ એજ બસમાં બાજુમાં પોતાની સ્લીપિંગ સીટ બુક કરાવી કિશોરી સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધી કોઈને આ વાત કરીશ તો હું મરી જઈશ અને મારા મળવાનો આરોપ તારી ઉપર આવશે તેવી ધમકી આપી ડરાવી હતી. જેથી બાદમાં કિશોરીએ વતન પહોંચી માતા-પિતાને હકીકત જણાવ્યા બાદ વિજય બારડ સામે પોલીસે ગુનો દાખલ કરી ફરિયાદ સુરત ટ્રાન્સફર કરી છે. જેથી મહીધરપુરા પોલીસે બળાત્કાર સાથે એટ્રોસિટીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

**સુરતમાં સતત બીજા દિવસે હત્યાની ઘટના**

# ઈન્સ્ટાગ્રામ પર અભદ્ર મેસેજ મુદ્દે થયેલા વિવાદમાં સગીરે યુવકને પતાવી દીધો

**ડુમસ** લંગર પાસે આરોપીઓ અને યુવતીના પ્રેમી વચ્ચે થયેલા ઝઘડામાં નિર્દોષ યુવકે જીવ ગુમાવ્યો



સુરતઃ ગત 15મીની રાત્રે ડુમસ ખાતે સગીર સહિત છ જેટલા યુવાનાઓએ ચાર જેટલા મિત્રો સાથે મારામારી કરી હતી. તેઓ પૈકી સગીરે એક યુવકના ગળામાં ચપ્પુનો ઊંડો ઘા મારી હત્યા કરી નાંખતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. હત્યાના બનાવને પગલે પરિવાર સહિત સમાજના લોકોમાં આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.

ડુમસ ગામ દરી ફળિયામાં રહેતા 26 વર્ષીય સ્ટિવન સંજય ઘંટીવાળા અને તેના મિત્રો દેવા ખલાસી તેમજ અન્ય બે જણા ગત રાત્રે ડુમસ લંગર સર્કલ પાસે હતા. જ્યાં 16 વર્ષીય સગીર અને તેના અન્ય ચારથી પાંચ મિત્રોએ કોઇ બાબતને લઇ સ્ટિવન અને તેના મિત્રો સાથે ઝઘડો કર્યો હતો. ઝઘડા દરમિયાન સગીરે ચાકુ વડે સ્ટિવનને ગળાના ભાગે ઊંડો ઘા ઝીંકી દેતાં મોત થયું હતું.

### ગળામાં બે ઇંચ જેટલા ઊંડા ચપ્પુના ઘાએ જીવ લીધો

ડુમસ પોલીસ સ્ટેશનના પીઆઈ ભરવાડ જણાવ્યું હતું કે છ આરોપીઓ પૈકી સગીર આરોપી 16થી 17 વર્ષનો છે. તેણે સ્ટિવનને ગળાના ભાગે એવો ઘા કર્યો કે ગળામાં 2 ઇંચ જેટલો ચપ્પુ અંદર ઘૂસી ગયો હતો.

### આ 6 આરોપીઓ પકડાયા

■ અંકિત ઉર્ફે રાજ રમણભાઇ રાઠોડ (ઉં.વ.22) ■ શ્રવન ઉર્ફે શબુ રમણભાઇ રાઠોડ (ઉં.વ.19) ■ ધ્રુવ જિતુભાઇ રાઠોડ (ઉં.વ.19) ■ શિવ નવિનભાઇ રાઠોડ (ઉં,.વ.21) (તમામ રહે., ભીમપોર ગામ) ■ તથા બે સગીર

આ આખી ઘટના એવી હતી કે સ્ટિવનના મિત્ર દેવ ખલાસી અને ડુમસ ગામમાં રહેતી એક યુવતી વચ્ચે પ્રેમ સંબધો હતા, આરોપીઓના એક મિત્રએ યુવતીને મેસેજ કર્યો હતો, આ અંગે દેવ અને તેની વચ્ચે ફોન પર બબાલ થઇ હતી, ત્યારે દેવને ઈન્સ્ટાગ્રામ પર અભદ્ર મેસેજ કરવાં આવ્યો હતો, આ મુદ્દે તેઓ વચ્ચે બોલાચાલી થઇ હતી. અને આરોપીઓએ દેવને મળવા માટે ડુમસ લંગર પાસે બોલાવ્યો હતો, જેથી દેવ તથા સ્ટિવન અને અન્ય મિત્રો ત્યાં ગયા હતા. ત્યારે આરોપીઓ અને દેવ વચ્ચે ઝઘડો હત્યામાં પરિણમ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને પકડી પાડી તેમનો વરઘોડો કાઢ્યો હતો.

# શિક્ષણ સમિતિના બદલી કેમ્પમાં નિયમોના ઉલ્લંઘનના આક્ષેપ સાથે શિક્ષણ મંડળ દ્વારા વિરોધ કરાયો

**ગુજરાતી** માધ્યમના શિક્ષક ઉર્દૂ કે મરાઠીમાં કેવી રીતે ભણાવી શકે? અન્યાય કરતા પરિપત્રને હાઇકોર્ટમાં પડકારાશે

સુરત : સુરતમાં આજે શિક્ષણ સમિતિ સંચાલિત સ્કુલો માટે યોજાયેલા એચટાટ શિક્ષકોની બદલી માટેના કેમ્પમાં રાજ્ય સરકારના પરિપત્રને અન્યાયી ગણાવીને વિવિધ ત્રણ શિક્ષક સંઘો દ્વારા તેનો ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ કરાયો હતો. જો કે વિરોધ વચ્ચે પણ કેમ્પ ચાલુ રહેતા હાજર રહેલા 44 જેટલા મુખ્ય શિક્ષકોને નિમણૂક અપાઈ હતી.

વિસ્તૃત વિગતો મુજબ ગુજરાત સરકારના પરિપત્ર અનુસાર, હવે HTAT (હેડ ટીચર એટીટ્યુડ ટેસ્ટ) પાસ કરેલા શિક્ષકોને અન્ય ભાષાના માધ્યમમાં બદલી કરવાના પરિપત્રના અમલ સાથે આજે સુરતમાં પણ બદલી કેમ્પનું આયોજન કરાયું હતું. જો કે ગુજરાતી માધ્યમના શિક્ષકો ઉર્દુ કે મરાઠીમાં કેવી રીતે ભણાવી શકે ? તેવી દલીલ સાથે વિવિધ સંગઠનો દ્વારા આ બદલી કેમ્પનો પહેલેથી જ વિરોધ કરાયો હતો. આ વિરોધ વચ્ચે બદલી કેમ્પનું આયોજન થતાં પરિપત્રના વિરોધમાં નારા લાગ્યા હતા અને શિક્ષક સંગઠનોએ આ બદલીને કોર્ટમાં પડકારવાની ચીમકી આપી હતી. બદલી કેમ્પ ચાલુ થતા જ કેમ્પ બહાર જ 'નહીં ચલેગા નહીં ચલેગા અન્ય માધ્યમ કો અન્યાય' ના નારા સાથે વિરોધ કરાયો હતો. તેમજ સુરત શિક્ષણ વિભાગે બદલી કેમ્પ હેઠળ કેટલાક ગુજરાતી માધ્યમના શિક્ષકોને ઉર્દુ અને મરાઠી માધ્યમની શાળામાં બદલી કરી દેવામાં આવી છે. શિક્ષકો આ ભાષા ન જાણતા હોવાના કારણે ફક્ત શિક્ષકો નહીં પરંતુ વિદ્યાર્થીઓ માટે પણ મોટી મુશ્કેલી ઊભી થઈ હોવાના આક્ષેપ કરાયા હતા. જો કે વિરોધ પ્રદર્શન વચ્ચે પણ કેમ્પમાં 60 પૈકી 44 શિક્ષકો હાજર રહ્યા હતા જે પૈકી 37 ગુજરાતી માધ્યમમાં, ત્રણ અંગ્રેજી માધ્યમમાં અને હીન્દી તેમજ મરાઠી માધ્યમમાં એક એક શિક્ષકોને મુકાયા છે.

**જળ એ જીવન, ભૂલી ગયા? તો... વેડફાતા પાણીનો ઉપયોગ કરતાં આ જીવની તરસ જોઈ લો**





■ ગરમી અને અકળાવનારા બફારામાં લોકો પાસે તો ઠંડા પીણાથી લઈ એસીની સુવિધા છે પરંતુ આ અબોલ પ્રાણીઓ માટે પાણીની સુવિધા પણ પ્રાપ્ય ન હોય તેવું બને છે. તસવીરમાં ગૌ માતા ભરબપોરના તડકામાં પાણીની કિંમત નહીં સમજનારા દ્વારા ખુલ્લો મૂકી દેવાયેલા ટપકતાં નળથી પાણીની તરસ છીપાવી રહી છે. હાલમાં એવું સામે આવ્યું છે કે ગરમીમાં માત્ર માણસો જ નહીં પરંતુ પશુ-પંખીઓ પણ ડિહાઈડ્રેશનનો શિકાર થઈ રહ્યા છે.

# કાપોદ્રાના શાકભાજી વિક્રેતાની પીપોદરાની નહેરમાંથી હત્યા કરાયેલી લાશ મળી

**સાળો** છોકરીને ભગાડી જતાં ભાઈ અને મિત્રોએ બનેવીને પતાવી દીધો

સુરતઃ કાપોદ્રા કપુરવાડી ખોડીયારનગર ખાતે શાકભાજી વેચવા માટે ગયા બાદ ગુમ થયેલા યુવકની લાશ પીપોદરાની નહેરમાંથી મળી આવવાના પ્રકરણમાં હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે. શહેરના કાપોદ્રા બરોડા પ્રિ-સ્ટેજ પાસે આવેલા બંજરગનગરમાં રહેતા પ્રમોદ ચૌધરી શાકભાજીનો ધંધો કરી પરિવારનું ભરણપોષણ કરતા હતા. ગત તા 8મી એપ્રિલના રોજ સાંજે ઘરેથી શાકભાજી વેચવા માટે ગયા બાદ પરત ઘરે આવ્યા ન હતા. પ્રમોદ ચૌધરીની શોધખોળ કરવા છતાંયે કોઈ ભાળ ન મળતાં તેની પત્ની આરતીદેવીએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મિસિંગની ફરિયાદ લઈ તપાસ શરૂ કરી હતી. જેમાં ચોકાવનારો ખુલાસો થયો હતો અને ગુમ થયેલા પ્રમોદ ચૌધરીની લાશ ઓલપાડના કારેલી ગામની નહેરમાંથી તરતી હાલતમાં મળી આવી હતી. જે અગે ઓલપાડ પોલીસમાં અકસ્માત મોત મુજબ ગુનો પણ દાખલ કરવામાં આવ્યો છે.

### મુખ્ય આરોપી સહિત બેની ધરપકડ, ત્રણ ફરાર

પોલીસે જણાવ્યું હતું કે મૃતક પ્રમોદ ચૌધરીનો સાળો ધનજય ચૌધરી છોકરીને ભગાડી ગયો હતો. જેની જાણકારી પ્રમોદ ચૌધરીને હોવાની આશંકા રાખી છોકરીનો ભાઈ નિતેશ ગુડુ બૈઈઠા (રહે., ખોડીયારનગગર, બરોડા પ્રિસ્ટેજ, કાપોદ્રા), મોહિત પરવડીયા, તેના મિત્ર કપીલ, જય ઉર્ફે બાવો અને દક્ષિણ અનીલ મકવાણા (રહે., ભાતની વાડી, ખોડીયારનગર, વરાછા) સાથે મળી ગત તા 8મી એપ્રિલના રોજ રાત્રે પ્રમોદ ચૌધરી પાસે ગયા હતા અને નિતેશએ તેની બહેન અંગે પૂછપરછ કરી માર મારતા પ્રમોદ ચૌધરી બેભાન થઈ ગયો હતો. જેથી નિતેશ સહિતના આરોપીઓ મળસ્કે સાડા ચાર વાગ્યે તેને ગાડીમાં લઈ જઈ પીપોદરા પાસેની કેનાલમાં ફેંકી વતન ભાગી ગયા હતા. બનાવ સંદર્ભે પોલીસે મૃતક પ્રમોદ ચૌધરીની પત્ની આરતીદેવીની ફરિયાદ લઈ પાંચ વ્યક્તિઓ સામે હત્યાનો ગુનો દાખલ કરી નિતેશ ગુરુ બૈઈઠા અને દક્ષિત અનીલ મકવાણાની ધરપકડ કરી બાકીના આરોપીઓને ઝડપી પાડવના ચક્રો ગતિમાન કર્યા છે.

**ઘૂંટણની સારવાર કરાવવામાં પીપલ્સ બેંકના નિવૃત્ત આધેડે 1.72 લાખ ગુમાવ્યા**

# ઘૂંટણ ઉપર ભૂંગળી મૂકી પરું કાઢી બતાવ્યું ને ટીપા લેખે પૈસા પડાવી લીધા

**પૈસા** પડાવી લેનાર વડોદરાના ડો.રોશન જરીવાલા સહિત બે સામે ગુનો નોંધાયો

સુરતઃ સુરત પીપલ્સ બેંકના નિવૃત આધેડની પત્નીના ઘૂંટણની સારવાર કરવાના બહાને વડોદરાના ડોકટર સહિત બે વ્યક્તિએ રૂપિયા ૧.૭૨ લાખ પડાવી લીધા હતા.

સગરામપુરા થોભા શેરી, વૃંદાવન પાર્કમાં રહેતા અને સુરત પીપલ્સ બેંકના નિવૃત કર્મચારી 67 વર્ષીય આદીલ એરચશા લાકડાવાલા પત્ની યાસ્મીનબેન સાથે 1 ડિસેમ્બર 2024ના રોજ તેમના મિત્રો સાથે ઉદવાડા ખાતે ગયા હતા. તે વખતે ચીખલી ખાતે જલારામ ખમણ હાઉસમાં પત્ની યાસ્મીનબેનને ઘૂંટણમાં દુઃખાવો હોવાથી ડ્રાઈવરને પકડીને ચાલતા હતા. ત્યારે તેમની પાસે એક અજાણ્યો આવી પોતાની ઓળખ મયંક રમેશ મહેતા તરીકે આપી પોતાના પિતાના ઘૂંટણની સારવાર ડો.રોશન જરીવાલા (રહે., એથ્લીટીક રેસિડેન્સી, ગોત્રી શિવમ પાર્ટી પ્લોટ, લક્ષ્મીપુરા, વડોદરા તથા કલ્પતરૂ હીલ્સ સોસાયટી, ટેકુજીની વાડી, મુંબઈ) પાસે કરાવતા પિતાજી ચાલતા થઈ ગયા હતા. વાત પર વિશ્વાસ બેસતાં ડો. રોશનનો સંપર્ક નંબર કર્યો હતો.

ત્યારબાદ ડો. રોશન જરીવાલા 6 ડિસેમ્બરના રોજ આદીલભાઈના ઘરે આવ્યો હતો. અને તેમની પત્ની યાસ્મીબેનને તપાસ કરી કાળા કલરના બેગમાંથી ભુંગળી જેવું સાધન કાઢી યાસ્મીબેનના ઢીંચણ ઉપર ભુંગળી મૂકી કંઈ ખેચવા લાગી તેમાંથી પીળાશ પડતું પ્રવાહી પરુંના કેટલાક ટીપા એક કાગળમાં કાઢી અને ઢીંચણમાંથી કાઢેલા ટીપા ગણતા 43 ટીપા હોય એક ટીપના ચાર હજાર લેખે 1,72,000 પડાવ્યા હતા. ડો. રોશન જરીવાલાએ પૈસા લીધા બાદ તેમનો વિઝિટિંગ કાર્ડ આપી નાસી ગયો હતો. આદીલની પત્ની યાસ્મીનબેને ફોન કરી મયંક મહેતાને કહેતાં તેઓ ડો. રોશન જરીવાલા ફરીથી તમારા ઘરે આવીને તમેને જાઈ જશે તમે જલ્દીથી સારું થઈ જશે એમ કહ્યું હતું. પરંતુ યાસ્મીન બેનના ઘૂંટણના દુઃખાવામાં કોઈ રાહત થઈ ન હતી. ત્યારબાદ બંને જણા ફોન ઉપાડવાના બંધ કરી મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હતો. જેથી આ મામલે આદીલભાઈએ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે બંને સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.



# કતારગામની HVK ઈન્ટરનેશનલ ડાયમંડના 100 જેટલા રત્નકલાકાર હડતાળ પર ઊતર્યા

**મજૂરીના** દરમાં ભાવ વધારવાની ખાતરી આપ્યા પછી પણ નંગ દીઠ હીરાની મજૂરીનો ભાવ નહીં વધાર્યા

સુરતઃ સુરત શહેરના કતારગામ ગોતાલાવાડી વિસ્તારમાં આવેલી HVK ઈન્ટરનેશનલ ડાયમંડના 100 જેટલા રત્નકલાકાર મજૂરીના દરમાં ભાવ વધારવાની માંગ સાથે હડતાળ પર ઊતર્યા હતા. ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, રત્નકલાકારોએ 1 એપ્રિલે હડતાળની જાણ કરી હતી. એના અનુસંધાને કંપની દ્વારા 10 એપ્રિલથી ભાવવધારાની બાંયધરી આપી હતી. પરંતુ ભાવમાં વધારો કર્યો નથી. હડતાળ પર બેઠેલા રત્નકલાકારોએ જણાવ્યું હતું કે, હાલ એક ડાયમંડ તળિયાના 16 રૂપિયા 50 પૈસા ભાવે તેઓ કામ કરે છે. આજના મોંઘવારીના સમયમાં આ ભાવ પર પરિવારનું ગુજરાન ચલાવવું અત્યંત મુશ્કેલ બન્યું છે. તેમની મુખ્ય માંગ છે કે કંપની વર્તમાન ભાવે યોગ્ય વધારો કરીને ન્યાય આપે. હડતાળના સંબંધમાં કંપની તરફથી કોઈ અધિકૃત નિવેદન આવ્યું નથી.

## પાંડેસરામાં ત્રણ વર્ષના બાળકનું ઝાડા-ઊલટીમાં મોત

સુરત : મૂળ ઉત્તરપ્રદેશના વતની લખન વર્મા હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા ગોવાલક નગરમાં બે પુત્ર સહિતના પરિવાર સાથે રહે છે. લખન મારબલ ઘસવાનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. લખનના પુત્ર પૈકી 3 વર્ષીય અંકુલને મંગળવારે ઝાડા-ઉલટી થવા લાગ્યા હતા. જેથી પરિવાર ખાનગી મેડિકલ સ્ટોર પરથી દવા લાવીને અંકુલને આપી હતી. દરમિયાન બુધવારે સવારે અંકુલની તબિયત લથડવા લાગી હતી. જેથી પરિવારજનો અંકુલને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# 'તું ખૂબ જાડી છે, તારી સાથે લગ્ન કોણ કરશે', માતાએ ઠપકો આપતાં તરુણીએ આપઘાત કર્યો

સુરતઃ તું ખૂબ જાડી છે, વજન ઓછું કર નહીં તો તારી સાથે લગ્ન કોણ કરશે, ભેસ્તાનમાં માતાએ ઠપકો આપતા તરૂણીએ ફાંસો ખાઈને આપધાત કરી લીધો હતો.

ભેસ્તાન પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની ઓમપ્રકાશ ગુપ્તા હાલ ભેસ્તાન વિસ્તારમાં આવેલ આકાશ-પૃથ્વી રો હાઉસમાં પરિવાર સાથે રહે છે. ઓમપ્રકાશ વેફર મેન્યુફેક્ચરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઓમપ્રકાશના સંતાન પૈકી 17 વર્ષીય નંદની સ્થાનિક સ્કૂલના ધોરણ-10માં અભ્યાસ કરતી હતી.

નંદનીનું અંદાજિત 100 કિલો જેટલું વજન હતું. જેથી બુધવારે બપોરે તેની માતાએ તું ખૂબ જાડી છે, વજન ઓછું કર નહીં તો તારી સાથે લગ્ન કોણ કરશે, તેમ ઠપકો આપ્યો હતો. આ વાતનું માઠું લગાવી નંદનીએ બેડરૂમમાં જઈને પંખા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે ભેસ્તાન પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ઉધનાના પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈના જામીન સેશન્સ કોર્ટે પણ ફગાવ્યાં

**રૂપિયા 3 લાખની** ખંડણી કેસમાં પ્રકાશ દેસાઈની ધરપકડ થઈ હતી, પ્રકાશ દેસાઈની જામીન અરજી નીચલી કોર્ટે નામંજૂર કરી હતી

**જેની** સામે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી, પરંતુ સેશન્સ કોર્ટે પણ જામીન ફગાવ્યા

સુરતઃ ગેરકાયદે બાંધકામ મામલે 3 લાખ રૂપિયાની ખંડણી વસૂલવાના કેસમાં પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈના નીચલી કોર્ટ બાદ જિલ્લા સેશન્સ કોર્ટે પણ જામીન નકારી કાઢ્યા હતા.

એસઓજી અને ઉધના પોલીસે ટ્યુશન ક્લાસ સંચાલકની ફરિયાદના આધારે ઉધનાગામ દેસાઈ ફળિયામાં રહેતા ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈના ઘરે દરોડો પાડ્યો હતો. પોલીસે તેમને 3 લાખ રૂપિયાની ખંડણી લેતાં ઝડપી પાડ્યા હતા. ઉધના પોલીસે દેસાઈ વિરુદ્ધ ધમકી આપવા અને ખંડણીનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન આરોપી પ્રકાશ દેસાઈના ઘરમાંથી 25થી વધુ આરટીઆઈ અરજીઓ અને અલગ-અલગ નામે બનેલા વિવિધ બાંધકામોના ફોટોગ્રાફ્સ મળી આવ્યા હતા.

દેસાઈના એક દિવસના રિમાન્ડ પૂરાં થતાં પોલીસે કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા, જ્યાં પોલીસે વધુ રિમાન્ડની માંગણી નહીં કરતાં પ્રકાશ દેસાઈએ જામીન અરજી કરી હતી. જે અરજીને નીચલી કોર્ટે નામંજૂર કરી હતી. બાદમાં પ્રકાશ દેસાઈએ જેલમાંથી છૂટવા માટે જિલ્લા સેસન્સ કોર્ટમાં રજી કરી હતી. જે અરજી પર સુનાવણી બાદ આજે પ્રકાશ દેસાઈની જામીનઅરજીને જિલ્લા સેશન્સ કોર્ટે પણ નામંજૂર કરી હતી.

# મિત્રો સાથે વિયરમાં નાહવા પડેલા ધોરણ-6ના વિદ્યાર્થીનું ડૂબી જતાં મોત



**કાળઝાળ** ગરમીમાં ઠંડકની મજા માણવા માટે 15 મિત્રો વિયરમાં નાહવા માટે ગયા હતા

સુરત : કાળઝાળ ગરમીમાં ઠંડકની મજા માણવા માટે બપોરના સમયે 15 જેટલા મિત્રો સાથે વિયર કમ કોઝવેમાં નાહવા માટે ગયા હતા. જ્યાં ફૂલવાડી ભરીમાતાના ધોરણ 6ના વિદ્યાર્થીનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ યુપીના વતની નસીમ અખ્તર અન્સારી હાલમાં ચોકબજાર ભરીમાતા રોડ આવેલા ફૂલવાડીમાં પરિવાર સાથે રહે છે. નસીમ અખ્તર સુરત મનપાના કોન્ટ્રાક્ટ બેઇઝ પર કચરા ગાડીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. સંતાન પૈકી તેમનો 12 વર્ષનો પુત્ર દિલકક્ષ સ્થાનિક સ્કૂલના ધોરણ 6માં અભ્યાસ કરતો હતો. બુધવારે બપોરે ત્રણ વાગ્યે દિલકક્ષ બહાર રમવા જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો અને 12-15 બાળ મિત્રો સાથે વિયર કમ કોઝવે નાહવા પહોંચી ગયો હતો. દરમિયાન વિયર કમ કોઝવેમાં ડૂબી ગયો હતો. દિલકક્ષને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડતા જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

FIT INDIA
SURAT MUNICIPAL CORPORATION
TRAFFIC-BRTS PROJECT CELL

e-Tender (Online) invitation Notice No.ACE / Traffic BRTS Pro. Cell /01/2025-26

Tenders is invited for various Dept. works online on https://smctender.nprocure.com from Government Approved / Experienced Contractor with following Schedule.

| | | |
|---|---|---|
| 1. | Name Of the Department: | Traffic BRTS Project Cell |
| 2. | Nos. of works | 01 (ONE) |
| 3. | Total Estimated Cost of Tender | Rs. 69,68,108.96Ps. |

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No. PRO/38/2025-26
Date: 16-04-25

Add. City Engineer
Surat Municipal Corporation

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એકટના રૂલ ૮ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

| લોન ખાતા નંબર | દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ | ગીરવે મુકેલી સ્થાઈ મિલકતનું વર્ણન | ડીમાન્ડ નોટીસની તારીખ | ડીમાન્ડ નોટીસની બાકી રકમ | કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧૮૧૪૨૪૨૦ | ૧. નઝરાનાબીબી પઠાન ૨. અમિરખાન એ પઠાન | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે તાજ રેસીડન્સી નો પ્લોટ નં. ૩૩ માપ ૬૦.૨૮ ચો. મીટર ૨૧.૦૦ ચો.મી ના રોડ અને સી.ઓ.પી ની જમીન ના વણવહેચાયેલ હિસ્સા સહિત કુલ માપ ૮૧.૨૮ ચો.મીટર બ્લોક ન./ સર્વે ન. ૩૨૯ પૈકી ૧ ખાતા નં. ૩૨૭ મોજે ગામ કોસંબા તા. માંગરોળ જીલ્લા સુરત ગુજરાત ૩૯૪૧૨૦ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા–**પૂર્વ** : જોડેનો સોસાયટી રોડ, **પશ્ચિમ** : જોડે નો પ્લોટ નં.૨૦, **ઉત્તર** : પ્લોટ નં.૩૨, **દક્ષિણ** : પ્લોટ નં.૩૪ આવેલો છે. | ૨૩.૧૦.૨૦૨૪ | રૂા. ૯,૯૭,૦૯૩.૧૮/- | ૧૧.૦૪.૨૦૨૫ સાંકેતિક કબજો |
| ૨૬૩૭૨૪૭૪ | ૧. રીતેશકુમાર સુશીલાલ શ્રીવાસ્તવ ૨. ક્રિષ્ના દેવી ૩. પંકજકુમાર શ્રીવાસ્તવ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે કાવ્યા રેસીડન્સી વિભાગ બી નો પ્લોટ નં. ૧૩૭ રેવન્યુ રેકોર્ડ પ્રમાણે બ્લોક ૩૦૨/બી/૧૩૭ પાસ થયેલ પ્લાન મુજબ માપ ૭૪.૭૨ ચો.મીટર ૭ અને ૧૨ ના રેકોર્ડ પ્રમાણે માપ – હેકટર આરે ૦–૦૦–૭૪.૪૨ એટલે કે ૭૪.૪૨ ચો. મીટર, મિલકત ના વણવહેચાયેલ હિસ્સા સહિત ગુજરાત રાજય સુરત જીલ્લા, સબડિસ્ટ્રીક અને તાલુકા ઓલપાડ ગામ મુળદ ના રેવન્યુ સર્વે નં. ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૩/૧, ૨૩૩/૨, ૨૩૪/૧, ૨૩૪/૨ બ્લોક નં. ૩૦૨/બી સુરત ગુજરાત–૩૯૪૫૪૦ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા–**પૂર્વ** : જોડેનો સોસાયટી રોડ, **પશ્ચિમ** : જોડે નો પ્લોટ નં.૩૦૨/એ, **ઉત્તર** : જોડે નો પ્લોટ નં.૧૩૮, **દક્ષિણ** : જોડે નો પ્લોટ નં.૧૩૬ આવેલો છે. | ૨૬.૦૬.૨૦૨૪ | રૂા. ૧૨,૪૯,૪૪૯ .૩૨/- | ૧૧.૦૪.૨૦૨૫ સાંકેતિક કબજો |

ખાસ કરીને દેવાદારો /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની અહીં નીચે દર્શાવેલ રકમ કરાર આધારિત વ્યાજને આધીન રહેશે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૧૧.૦૪.૨૦૨૫
સ્થળ : ગુજરાત.